# બિનસબસિડીવાળા એલપીજીમાં પાંચ રૂપિયાનો ઘટાડો

નવીદિલ્હી,તા. ૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ગઈકાલે વધારો ઝીંકવામાં આવ્યા બાદ હવે બિનસબસિડીવાળા એલપીજીની કિંમતમાં આજે ઘટાડો કરવામાં આવ્યો હતો. સિલિન્ડરદીઠ રૂપિયા પાંચનો ઘટાડો કરવામાં આવ્યો હતો જ્યારે જેટ ફ્યુઅલની કિંમતમાં વૈશ્વિક પ્રવાહને ધ્યાનમાં લઈને વધારો કરવામાં આવ્યો હતો. ફ્યુઅલ રિટેલર્સે માહિતી આપતા કહ્યું છે કે, બિનસબસિડીવાળા અથવા તો માર્કેટ કિંમતે વેચાતા રાંધણ ગેસ અથવા તો એલપીજીની કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. બે વખત સતત વધારો કરવામાં આવ્યા બાદ તેમાં ઘટાડો કરાયો છે. પહેલી માર્ચના દિવસે પાંચ રૂપિયાનો વધારો કરાયો હતો જ્યારે પહેલી એપ્રિલના દિવસે ૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. દેશમાં કોઈપણ પરિવારને સબસિડીના દરે ૧૨ સિલિન્ડરો આપવામાં આવે છે. ૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડર સબસિડીવાળા મળી ગયા બાદ જો વધુ ગેસ સિલિન્ડરની જરૂર હોય તો ૧૩માં સિલિન્ડર માટે બજાર કિંમત ચુકવવાની ફરજ પડે છે. સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં દિલ્હીમાં ૪૧૭ રૂપિયા રહેલી છે. સબસિડીવાળા ૧૨ સિલિન્ડરના ક્વોટા બાદ ૧૩માં સિલિન્ડરની ખરીદી દિલ્હીમાં ૬૧૬ રૂપિયામાં પડે છે. મુંબઈમાં બિનસબસિડીવાળા ગેસની કિંમતમાં ૪.૫૦ રૂપિયાનો કાપ મુકવામાં આવ્યો છે જેથી તેની કિંમત ૬૨૭.૫૦ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે કોલકાતામાં તેની કિંમત ૬૫૪.૫૦ની સામે હવે ૬૪૯ રૂપિયા થઈ ગઈ છે. આવી જ રીતે ચેન્નાઈમાં ૫.૫૦ રૂપિયાનો ઘટાડો થશે જેથી સિલિન્ડરની કિંમત ૬૦૮.૫૦ રૂપિયા થશે. ઓઈલ કંપનીઓએ એટીએફ અથવા જેટ ફ્યુઅલની કિંમતમાં વધારો કરી દીધો છે. પ્રતિકિલોલીટર ૨૭૨ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે જેથી કિંમત ૪૯૬૦૯.૮૪ પ્રતિકિલોલીટર થઈ ગઈ છે. ગયા વર્ષે રેટમાં બે ટકાના ઘટાડા બાદ આ વધારો કરાયો છે. જેટ ફ્યુઅલ એરલાઈનના ઓપરેટિંગ ખર્ચના ૪૦ ટકાની આસપાસ છે.

કિંમતમાં ઘટાડો રોકડ કટોકટીનો સામનો કરી રહેલા એરલાઈન્સ ઉપર નાણાંકીય બોઝને ઘટાડશે. યાત્રી ભાડામાં વધારાની કોઈ અસરના સંદર્ભમાં એરલાઈન્સ તરફથી કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી. કિંમત વધારી દેવામાં આવ્યા બાદ યાત્રી ભાડામાં એરલાઈન્સો વધારો કરશે કે કેમ તે અંગે પણ માહિતી મળી શકી નથી.



**ધ બોર્ડ સસ્ટેનેબળ બિલ્ડિંગ કંપનીની સિદ્ધી**

## ચીનમાં માત્ર ૧૯ દિવસમાં ૫૭ માળની ઈમારત બની

ચાંગ્શા,તા. ૧

ચીનની એક નિર્માણ કંપનીએ માત્ર ૧૯ દિવસના ગાળામાં એક ૫૭ માળની ઈમારત તૈયાર કરવામાં સફળતા મેળવી છે. સેન્ટ્રલ ચીનના હુનાન પ્રાંતના ચાંગ્શા વિસ્તારમાં સ્થિત આ ઈમારતનુ નિર્માણ ધ બોર્ડ સસ્ટેનેબલ બિલ્ડિંગ નામની કંપની દ્વારા કરવામાં આવ્યું છે.



કંપનીના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ૫૭ માળની મિની સ્કાઈ સ્ક્રેપરને રેકોર્ડ ૧૯ દિવસના ગાળામાં પૂર્ણ કરવામાં આવી છે. દરરોજ ત્રણ ફ્લોરનુ નિર્માણ કામ થયું છે. આના માટે ૧૫ હજારથી વધારે ટ્રકમાં સામાન મંગાવવાની ફરજ પડી હતી. ગ્લાસ અને સ્ટીલ સાથે બનેલી આ ઈમારત સંપૂર્ણપણે ઈકોફ્રેન્ડલી છે. આ ઈમારતમાં ૮૦૦ એપોર્ટમેન્ટ છે. ઉપરાંત ૪૦૦૦ લોકોના ઉપયોગ માટે ઓફિસની જગ્યા પણ છે. આ મહિનામાં જ એપોર્ટમેન્ટ અને ઓફિસના વેચાણની પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે. કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ શિયો ચૈગેંગનુ કહેવુ છે કે કંપનીની આગામી યોજના દુનિયાની સૌથી ઉંચી ૨૨૦ માળની ઈમારત બનાવવાનુ છે. જેને માત્ર ત્રણ મહિનામાં પૂર્ણ કરવાની યોજના બનાવવામાં આવી છે.

આ અગાઉ આ કંપનીએ એક ૩૦ માળની ઈમારત માત્ર ૧૫ દિવસમાંજ પૂર્ણ કરી હતી. આ કંપનીએ અતિ ઝડપથી ગગનચુબી ઈમારતો ઉભી કરવાનો નવો રેકોર્ડ સર્જ્યો છે. સાથે સાથે તમામ લોકોનુ ધ્યાન પણ ખેંચ્યું છે. તેની ટેકનોલોજી પણ શાનદાર રહી છે.

**સ્માર્ટ સિટી પ્રોજેક્ટ બાદ હવે સ્માર્ટ સ્ટેશન**

## સ્માર્ટ મિલિટરી સ્ટેશનો વિકસિત કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સ્માર્ટ સિટી પ્રોજેકટની જેમ જ હવે ભારતીય સેના તેના પોતાના સ્માર્ટ સ્ટેશન વિકસિત કરવાની યોજના ધરાવે છે. લશ્કરી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે ચીફ ઓફ સ્ટાફ કમિટી દ્વારા સ્માર્ટ આર્મ્ડ ફોર્સ સ્ટેશન વિકસિત કરવાની દરખાસ્ત



પર વાતચીત ચાલી રહી છે. ટુંક સમયમાં જ એક વિધિવત દરખાસ્ત સરકારને આ અંગે સુપ્રત કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં સ્માર્ટ સ્ટેશનમાં છ લશ્કરી સ્ટેશન સ્થાપિત કરવામાં આવનાર છે. સ્માર્ટ સિટીની જેમ આ સ્ટેશન બનાવવામાં આવનાર છે. કેન્દ્રિય કેબિનેટે બુધવારે ૧૦૦ સ્માર્ટ સિટી વિકસિત કરવા માટે મોદી સરકારની ફ્લેગસીપ સ્કીમને મંજૂરી આપી હતી. સુત્રોએ કહ્યું હતું કે લશ્કરી લીડરશીપ છ લશ્કરી સ્ટેશનને એસએએફમાં ફેરવી દેવામાં આવનાર છે. જે પૈકી ત્રણ આર્મી સ્ટેશન તરીકે રહેશે. બે એર ફોર્સ અને એક નેવીના સ્ટેશન તરીકે રહેશે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે લશ્કરી દરખાસ્તમાં સિવિલિયન શહેરો કરતા સસ્તા તેમને બનાવવા માટે સુચન સ્વીકારવામાં આવનાર છે.અત્રે નોંધનીય છે કે લશ્કરી દરખાસ્તમાં કેટલીક નવી બાબતો રહેશે. શહેર પડકાર સ્પર્ધા મારફતે દરેક શહેરમાંથી નવી ગણતરી કરવામાં આવનાર છે. લશ્કરી સ્ટેશન ખાતે સામાન્ય રીતે વધારે સારી ઈન્ફ્રાસ્ટકચરની સુવિધા રહી શકે છે. સેના માટે કેટલીક સ્કીમ નવી આવી શકે છે.

## કોલકાતાને પછડાટ આપવા બેંગ્લોરની ટીમ ઉત્સુક બની

બેંગ્લોર,તા. ૧

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે આવતીકાલે બેંગ્લોરમાં જંગ ખેલાનાર છે. છેલ્લી મેચમાં ચેન્નાઈ સુપર જેવી મજબૂત ટીમને હાર આપ્યા બાદ કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો છે તે જોતા મેચ રોમાંચક બની શકે છે. આ મેચમાં પણ કોલકાતા નાઈટ રાઈડર્સ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરી શકે છે. કોલકાતા તરફથી કેપ્ટન ગૌત્તમ ગંભીર ઉપરાંત રોબિન ઉથ્થપા, રસેલ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે તે



જોતા આ મેચમાં કોલકાતાની તક વધારે રહેલી છે. જો કે, વિરાટ કોહલીના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પણ શક્તિશાળી ટીમ છે અને તે પણ શાનદાર દેખાવ કરવા ઉત્સુક છે. ઘરઆંગણે બેંગ્લોર ટીમના ખેલાડીઓને જોવા માટે ચાહકો ઉત્સુક બનેલા છે. કોહલીના નેતૃત્વમાં આ ટીમમાં ક્રિસ ગેઈલ, ડિવિલિયર્સ જેવા ધરખમ ખેલાડીઓ રહેલા છે. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. મેચને લઈને તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. ટીમ નીચે મુજબ છે.

કોલકાતા નાઈટ રાઈડર્સ : ગૌત્તમ ગંભીર (સુકાની), રોબિન ઉથ્થપા, પિયુષ ચાવલા, યુસુફ પઠાણ, મનિષ પાંડે, સુર્ય કુમાર, ઉમેશ યાદવ, વીર પ્રતાપ, કુલદિપ યાદવ, સુમિત નરવાલ, સેલ્ડન જેકશન, આદિત્ય ગરવાલ, કેસી ચરિઅપ્પા, વૈભવ રાવલ, સુનિલ નારિદ, શાકીબ અલ હસન, મોર્ને મોર્કેલ, કમિન્સ, રેયાન ટેન, આંદ્રે રશેલ, બ્રાડ હોજ અને અઝહર

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર : વિરાટ કોહલી (સુકાની),દિનેશ ક્રાતિક, બર્દીનાથ, વિજય ઝોલ, માનવિન્દર બિસ્લા, વરુણ આરોન, અશોક ડીંડા, હર્ષલ પટેલ, અબુનેચિવ, સંદીપ વરિયર, યોગેશ તકવાલે, યુજવેન્દર ચહલ, ઈકબાલ અબ્દુલ્લા, મનદિપસિંહ, સરફરાજ ખાન, જલજ સકસેના, સીસી ભાવને ડિવિલિયર્સ, ક્રિસ ગેઈલ, મિચેલ સ્ટાર્ક, મેડિસન, રોસવો, સમ્મી, સિન એબોર્ટ, મિલાઈન, ડેવિડ વાઈસ

## કાશ્મીરી પંડિતોની વાપસી માટે મોદી સરકાર કટિબદ્ધ

શ્રીનગર, તા. ૧

જમ્મુ કાશ્મીરમાં કાશ્મીરી પંડિતોની વાપસીનો મુદ્દો હજુ પણ ગરમ થયેલો છે. પીએમઓ માટેના રાજ્યપ્રધાન જીતેન્દ્રસિંહે આજે કહ્યું હતું કે, સરકાર વિસ્થાપિત થયેલા સમુદાયના લોકોની વાપસીની ખાતરી માટે કટિબદ્ધ છે. કાશ્મીર ખીણમાં અલગ ટાઉનશીપની રચનાને લઈને પાકિસ્તાનની પ્રતિક્રિયા પણ આવી ચુકી છે. કાશ્મીરી પંડિતોની વાપસીથી સ્થિતિમાં ફેરફાર થશે અને સંયુક્ત રાષ્ટ્રના ધારાધોરણોનો ભંગ થશે તેવા અહેવાલ પણ આવી ચુક્યા છે. સિંહે કહ્યું હતું કે, ભારત તેની પોતાની શરતો અને એજન્ડા ઉપર તમામ બાબત નક્કી કરશે. કેન્દ્ર સરકાર તેના એજન્ડા સાથે ચેડા કરવાની કોઈને પણ મંજુરી આપશે નહીં. જમ્મુ કાશ્મીરના જ વતની જીતેન્દ્રસિંહે કાશ્મીરી પંડિતો માટે અલગ ટાઉનશીપની રચના કરવાની હિલચાલ અંગે પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પાકિસ્તાનની વિદેશ કચેરીના પ્રવક્તા અસ્લામે ગઈકાલે જ કહ્યું હતું કે, ભારત કાશ્મીર ખીણમાં બહારના લોકોને સ્થાયી કરીને વસતીને એકત્રિત કરી શકે નહીં. બળજબરીપૂર્વક આ પ્રકારની પ્રવૃત્તિ યોગ્ય નથી. નાણામંત્રી અરુણ જેટલીએ ગઈકાલે જ કહ્યું હતું કે, કાશ્મીરી પંડિતોની સાથે સાથે મુસ્લિમો અને શીખ પણ કાશ્મીરના અખંડ ભાગ તરીકે છે. ગયા મહિને જમ્મુ કાશ્મીરમાં પંડિતો માટે અલગ ટાઉનશીપને લઈને યોજના સામે જોરદાર વિરોધ થયો હતો.

## દેશમાં રોમિંગના દરમાં ઘટાડો અમલી

કોલક્તા,તા. ૧

દેશની ચાર મુખ્ય મોબાઈલ કંપનીઓ ભારતી એરટેલ, વોડાફોન ઈન્ડિયા, આઈડિયા સેલ્યુલર અને રિલાયન્સ કોમ્યુનિકેશને પોતાના પ્રિ પેઈડ અને પોસ્ટ પેઈડ ગ્રાહકો માટે રોમિંગના રેટમાં ૭૫ ટકા સુધીનો ઘટાડો કર્યો હતો અને આ ઘટાડો આજે શુક્રવારે અમલી બનાવી દેવામાં આવ્યો હતો. રોમિંગના રેટમાં કાપ મુક્યા બાદ સામાન્ય લોકોને રાહત થશે. ટેલિકોમ કંપનીઓએ સેકટર રેગ્યુલેટર ટ્રાયના દિશા નિર્દેશ મુજબ આ કાપ મુક્યો છે. ટ્રાયે ગયા મહિનામાં જ રોમિંગ સર્વિસેઝ માટે મેક્સિમમ ચાર્જેબળ રેટસમાં કાપની જાહેરાત કરી હતી. ગઈકાલે મોડી રાત્રે જારી કરવામાં આવેલા જુદા જુદા નિવેદનોમાં કહેવામાં આવ્યું છે કે




રોમિંગ પર કરવામાં આવતા તમામ આઉટગોઈંગ લોકલ કોલ્સ માટે રેટને ૨૦ ટકા ઘટાડીને ૮૦પૈસા પ્રતિ મિનિટ કરવામાં આવ્યો છે. જે પહેલા એક રૂપિયા પ્રતિ મિનિટના રેટ હતા. બીજી બાજુ રોમિંગ પર એસટીડી કોલ્સ માટે મર્યાદા ૨૩ ટકા ઘટાડીને ૧.૧૫ રૂપિયા પ્રતિ મિનિટ કરવામાં આવ્યો છે. જે અગાઉ ૧.૫૦ રૂપિયા પ્રતિ મિનિટ હતા. ભારતી એરટેલ, વોડાફોન, આઈડિયા, રિલાયન્સના કહેવા મુજબ તેમના ગ્રાહકોને હવે રોમિંગ પર ઈનકમિંગ કોલ્સ માટે હવે ૪૦ ટકા ઓછી રકમ ચુકવવાની રહેશે. ટેલિકોમ કંપનીઓનુ કહેવુ છે કે ચાર્જેસને ૭૫ પૈસા પ્રતિ મિનિટથી ઘટાડીને ૪૫ પૈસા કરી દેવામાં આવ્યો છે. આ ટેલિકોમ કંપનીઓના જણાવ્યા મુજબ ગ્રાહકોને રોમિંગ દરમિયાન ટેક્સ્ટ મેસેજ પર ૭૫ ટકા ઓછો ચાર્જ આપવો પડશે. ગ્રાહકોને રોમિંગ પર લોકલ ટેક્સ્ટ મેસેજ માટે એક રૂપિયાના બદલે ૨૫પૈસા આપવાના રહેશે. નેશનલ મસેજ માટે ૧.૫૦ના બદલે ૩૮ પૈસા ચુકવવાના રહેશે. સામાન્ય મોબાઈલ ધારકોને સીધો ફાયદો થશે.

## પાકિસ્તાન-અફઘાન સરહદ પર આઈએસ આતંકવાદી છે

નવી દિલ્હી,તા. ૧

અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદ પર હાલમાં ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. પાકિસ્તાની સેનાએ ગયા વર્ષે જુદા જુદા વિસ્તારોમાં અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ ગોળીબાર કરીને ભારતમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસો કર્યા હતા. સરહદ પર આઈએસની ગતિવિધી વધી જતા ભારતીય સુરક્ષા સંસ્થાઓ માટે હવે ચિંતા વધી ગઈ છે. પીએમઓને હાલમાં સુપ્રત કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈએસના ત્રાસવાદીઓ સરહદ પર સક્રિય થઈ રહ્યા છે. તહેરીકે તાલિબાન પાકિસ્તાન અને અલ કાયદા સાથે સંબંધ ધરાવનાર ત્રાસવાદીઓ હવે આઈએસના સંપર્કમાં છે. ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ કહ્યું છે કે અફઘાનિસ્તાન અને મધ્યપૂર્વ તેમજ નોર્થ આફ્રિકામાં જે ઘટનાક્રમ થઈ રહ્યા છે તે ઘટનાક્રમ સાથે પણ તેમના સીધા સંબંધ રહેલા છે. આઈએસે હજુ સુધી કોઈ સંગઠન અને નેતાઓના નામ જાહેર કર્યા નતી પરંતુ હાલમાં તેઓ વિકેના ધાર્મિક લીડર તરીકે કામ કરી રહ્યા છે. ૧૮મી એપ્રિલના દિવસે કરવામાં આવેલા એક હુમલામાં જલાલાબાદમાં કેટલાક લોકોના મોત થયા હતા. જેમાં સેનાના જવાનોનો સમાવેશ થાય છે.પાકિસ્તાન સેના સાથે સંબંધ સ્થાપિત કરવાના પ્રયાસો આઈએસ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## પુત્રજીવક સીડ દવાને લઈને હોબાળા વચ્ચે રામદેવ લાલઘૂમ

નવીદિલ્હી,તા. ૧

યોગગુરુ બાબા રામદેવે આજે તેમના ટિકાકારોની જોરદાર ઝાટકણી કાઢી હતી. અને કહ્યું હતુંકે, તેમની ટિકા પ્રતિષ્ઠા ખરડવાના હેતુસર કરવામાં આળી રહી છે. દિવ્ય ફાર્મસી દ્વારા વેચવામાં આવતી પુત્રજીવક સીડ નામની દવા બાળકમાં પુત્રને જન્મ આપે છે તેની ખાતરી આપતી દવા છે તેવી વાત કરનાર લોકો ખોટી વાત કરી રહ્યા છે. ગઈકાલથી જ આ દવાને લઈને ભારે હોબાળો થઈ ગયા બાદ બાબા રામદેવે આજે પત્રકાર પરિષદ યોજી હતી અને કહ્યું હતું કે, આક્ષેપ કરનાર લોકો આયુર્વેદ અંગે બિલકુલ જ્ઞાન ધરાવતા નથી. દિવ્ય પુત્રજીવક સીડ નામની દવાના વેચાણને લઈને રાજ્ય સભામાં ભારે હોબાળો થયા બાદ બાબા રામદેવે આજે આ મુજબનો ખુલાસો કર્યો હતો. યોગગુરુએ કહ્યું હતું કે, દિવ્ય પુત્રજીવક સીડનું



બોટાનિકલ નામ પુત્રાંજીવા રોક્ષબુરખી છે તેને હિન્દી, ગુજરાતી, કન્નડ, મરાઠી, તેલુગુ અને બંગાળી ભાષામાં પુત્રજીવક કહેવામાં આવે છે. આ મામલે વધુ ખુલાસો કરતા રામદેવે કહ્યું હતું કે, આ દવા નિસંતાન દંપત્તિને ફાયદો કરી શકે છે. આ દવાને જન્મ પહેલા બાળકના જાતિપરીક્ષણ સાથે કોઈ લેવા દેવા નથી. યોગગુરુએ દવાના નામને બદલી નાખવાનો પણ ઈન્કાર કર્યો હતો.

આક્ષેપો કરનાર લોકોની ઝાટકણી કાઢતા રામદેવે કહ્યું હતું કે, લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બદનામ કરવાના હેતુસર તેમની પ્રતિષ્ઠાને ખરડવાના પ્રયાસ કરી રહ્યા છે. દવાના સંદર્ભમાં તમામ ગેરસમજ દૂર કરવામાં આવી ચુકી છે. તેમની ફાર્મસી પણ કહી ચુકી છે કે, પુત્ર જન્મ સાથે આ દવાને કોઈ લેવા દેવા નથી. યોગગુરુએ રાજ્ય સભામાં ગુરુવારના દિવસે આ મુદ્દો ઉઠાવનાર જનતાદળ યુનાઈટેડના નેતા કેસી ત્યાગી પાસેથી માફીની માંગ કરી હતી. રામદેવે રાજ્યસભાના સભ્ય જયા બચ્ચનની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, બોલીવુડની અભિનેત્રીએ પતાંજલિની મુલાકાત લેવી જોઈએ અને કામગીરી નિહાળવી જોઈએ.

## પેટ્રોલ-ડિઝલની કિંમતમાં વધારાથી દિગ્વિજય ખફા

નવીદિલ્હી, તા. ૧

લોકસભાની ચૂંટણી દરમિયાન હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારંવાર અચ્છે દિનની વાત કરી હતી. આની ઝાટકણી કાઢતા કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે આજે કહ્યું હતું કે, જુદી જુદી ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરીને અચ્છે દિન લાવવામાં આવી રહ્યા છે. નાણામંત્રી અરુણ જેટલી આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારાને પહોંચી વળવા કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરશે કે કેમ તે બાબત આશ્ચર્યજનક છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારાને પહોંચી વળવા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરી શકાય છે. પેટ્રોલની કિંમતમાં ગઈકાલે જ વેટ અને સેલટેક્સ સિવાય ૩.૯૬નો વધારો કરવામાં આવ્યો હતો જ્યારે ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૩૭નો વધારો કરાયો હતો. નવા રેટ આજથી અમલી પણ બની ગયા છે. દેશભરમાં ભાવ વધારાને લઈને જોરદાર વિરોધ થયો છે ત્યારે દિગ્વિજય આનો વિરોધ કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં હાલમાં તીવ્ર વધારો ઝીંકવામાં આવ્યો છે.

## કેજરીવાલ સામે બદનક્ષીની કાર્યવાહી ઉપર મનાઈહુકમ

નવીદિલ્હી,તા. ૧

એએપીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે કામચલાઉ રાહત મળી ગઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમની સામે દાખલ કરવામાં આવેલા બદનક્ષીના બે કેસોમાં કાર્યવાહી ઉપર સ્ટે મુકી દીધો હતો. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને વકીલ કપિલ સિબ્બલના પુત્ર અમિત સિબ્બલ અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના રાષ્ટ્રીય સલાહકાર પવન ખેરા દ્વારા દાખલ કરવામાં આવેલા બદનક્ષીના કેસમાં જવાબ આપવાની માંગ કરતી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે આ આદેશ કર્યો હતો. અમિતે કેજરીવાલ સામે બદનક્ષીનો કેસ કર્યો હતો જ્યારે તેમના એએપીના પૂર્વ સાથી અને વકીલ પ્રશાંત ભૂષણ સામે પણ કેસ કરવામાં આવ્યો હતો. ટેલિકોમ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરવા તેમના પિતાની સ્થિતિનો લાભ ઉઠાવવામાં આવ્યો હતો તેવો આક્ષેપ કેજરીવાલ દ્વારા કરાયો હતો. દિક્ષીતના રાષ્ટ્રીય સેક્રેટરી પવન ખેરાએ કેજરીવાલ સામે બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. વાંધાજનક સુચનો કરવા બદલ આ કેસ દાખલ કરાયો હતો. વિજળીમાં વધારાના દરને લઈને વિરોધ દરમિયાન આ આક્ષેપો કરવામાં આવ્યા હતા. ખેરાએ દિક્ષીત સામે ખોટી અને અયોગ્ય ભાષાનો ઉપયોગ કરવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલામાં વધુ સુનાવણી હવે આઠમી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

## બંગાળમાં દુર્ઘટના : ૧૫ જાનૈયાઓના કરૂણ મોત

અલીપુરદ્વાર, તા. ૧

પશ્ચિમ બંગાળમાં આજે માર્ગ અકસ્માતમાં ૧૫ જાનૈયાઓના મોત થયા હતા જેમાં વર-વધુનો સમાવેશ થાય છે. નેશનલ હાઈવે ૩૧ ઉપર ટ્રક સાથે જાનૈયાઓની ગાડી ટકરાતા આ બનાવ બન્યો હતો. વાહનમાં જાનૈયાઓ મુસાફરી કરી રહ્યા હતા. લગ્ન કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ આ લોકો બીરપારાથી પરત ફરી રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, વર-વધુના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અન્ય ૧૨ લોકોના પણ ઘટના સ્થળે જ મોત થયા હતા. છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મૃતકોમાં ડ્રાયવર અને કન્ડકટરનો પણ સમાવેશ થાય છે. તમામ મૃતકો અને ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિલીગુડીની હોસ્પિટલમાં લવાયા હતા. ખુશીનો માહોલ તરત જ દુખમાં ફેરવાઈ ગયો હતો. તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીર હાઈવેને ફરીવાર ખોલી દેવાયો

શ્રીનગર, તા. ૧

જમ્મુ કાશ્મીર નેશનલ હાઈવે જેને ભેખડો ધસી પડવાના બનાવ બાદ બંધ કરી દેવામાં આવ્યો હતો તેને ફરી ખોલી દેવામાં આવ્યો છે. આજે એક તરફી ટ્રાફિક માટે આ રાજમાર્ગ ફરી ખોલી દેવામાં આવતા સ્થિતિમાં સુધારો થાય તેવી શક્યતા છે. આ હાઈવે તમામ પ્રકારના હવામાનની સ્થિતિમાં કાશ્મીર ખીણને દેશના અન્ય ભાગ સાથે જોડનાર એકમાત્ર રાજમાર્ગ છે. ગઈકાલે રામબાણ જિલ્લામાં અતિ ભારે વરસાદ બાદ ભેખડો ધસ પડવાના અનેક બનાવો બન્યા હતા જેથી રાજમાર્ગને બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. મોટી સંખ્યામાં વાહનો આના કારણે અટવાઈ પડ્યા હતા. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, શ્રીનગરથી જમ્મુ તરફ જવા માટે વાહનોને હવે મંજુરી આપવામાં આવી છે. જો કે, રાજમાર્ગને એકતરફી રીતે જ ખોલવામાં આવ્યો છે જેથી હજુ સ્થિતિને સામાન્ય બનવામાં વધુ સમય લાગી શકે છે. જમ્મુ કાશ્મીર હાઈવે વનવે ટ્રાફિક માટે ખોલી દેવામાં આવતા તંત્રને પણ રાહત થઈ છે. મોટી સંખ્યામાં મોટા વાહનો અટવાઈ પડ્યા હતા અને શ્રદ્ધાળુઓને પણ તકલીફ પડી રહી હતી. નાના બાળકો અને મહિલાઓ પણ યાત્રી વાહનોમાં ફસાયેલા હતા.

## સ્નેપડીલના સીઈઓ અને અન્ય ડિરેક્ટરો સામે FIRનો આદેશ

મુંબઈ,તા. ૧

મહારાષ્ટ્રના ફુડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, ઈ-કોમર્સની મહાકાય કંપની સ્નેપડીલડોટકોમના સીઈઓ કૃણાલ બહલ અને કંપનીના ડિરેક્ટરો સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. દવાઓના ઓનલાઈન વેચાણ સાથે સંબંધિત કેસમાં આ એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કરાયો છે. પ્રેસક્રિપ્શન દવાઓ સહિત દવાઓના વેચાણ સાથે સંબંધિત કેસને લઈને સ્નેપડીલના સીઈઓ સામે એફઆઈઆરનો આદેશ કરાયો છે. એફડીએ કમિશનર હર્ષાદીપ કામ્બલેએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, એફઆઈઆર દાખલ કરવાનો આદેશ અપાયો છે. બહલ અને કંપનીના અન્ય ડિરેક્ટરો સામે આ આદેશ કરાયો છે. સંપર્કમાં કરવામાં આવતા કંપનીના પ્રવક્તાએ આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. ગયા મહિને જ એફડીએ દ્વારા આ સંદર્ભમાં કંપનીના પ્રાંગણમાં દરોડા પાડ્યા હતા. એ વખતે સ્નેપડીલે કહ્યં હતું કે, તેના પોર્ટલ પરથી દવાઓને દૂર કરી દેવામાં આવશે અને તપાસમાં રેગ્યુલેટરની મદદ કરવામાં આવશે. એફડીએ દ્વારા અગાઉ કંપની સામે નોટિસ જારી કરવામાં આવી હતી. વેચાણ, વિતરણ અને વેબસાઈટ સ્નેપડીલડોટકોમ ઉપર વેચાણ માટે રજૂ કરાયેલી દવાઓની તમામ વિગત આપવા સ્નેપડીલને આદેશ કરાયો હતો. એફડીએને પાકી માહિતી મળ્યા બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. એવી માહિતી મળી હતી કે, સ્નેપડીલ ડોટ કોમ મારફતે એવી દવાનું વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે જે દવાઓ માત્ર તબીબો લખી આપે છે ત્યાર બાદ જ ખરીદી શકાય છે. કાયદા મુજબ લાયસન્સ ધરાવનાર રિટેલર્સ જ દવાનું વેચાણ કરી શકે છે અને એ પણ તબીબ દ્વારા દવા લખવામાં આવ્યા બાદ જ વેચી શકાય છે. દવાઓના આ પ્રકારના ઓનલાઈન વેચાણને મંજુરી આપી શકાય નહીં. કારણ કે સ્વસારવારની બાબત નુકસાનકારક સાબિત થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ઓનલાઈન ખરીદી કરવાનો ક્રેઝ લોકોમાં જોવા મળી રહ્યો છે. આવા સમયમાં મોટાભાગની વસ્તુઓની ખરીદી ઓનલાઈન કરવામાં આવી રહી છે. ઓનલાઈન ખરીદીના પરિણામ સ્વરુપે લોકોને સીધો ફાયદો થઈ રહ્યો છે પરંતુ દવા જેવી સંવેદનશીલ બાબતમાં આને ચલાવી લેવાય નહીં. જાણકાર નિષ્ણાતો અને તબીબો પણ માને છે કે, તબીબો દ્વારા દવા લખવામાં આવ્યા બાદ જ દર્દીએ આ પ્રકારની દવાઓનો ઉપયોગ કરવો જોઈએ. ઓનલાઈન દવાની ખરીદી યોગ્ય નથી પરંતુ તબીબો દ્વારા લખી આપવામાં આવતી દવા ખરીદવામાં આવે તે જરૂરી છે. પોર્ટલ ઉપર દવાઓની યાદી સ્નેપડીલ દ્વારા અગાઉ ખાતરી આપવામાં આવી હોવા છતાં દૂર કરવામાં આવી ન હતી. દવાઓના ઓનલાઈન વેચાણના કારણે હાલત કફોડી બની ગઈ છે. સ્નેપડીલના સીઈઓ સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કરાયા બાદ ચકચાર મચી ગઈ છે.